સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 06

[FEB - 2020]
[02/02/20 to 08/02/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

ICE CURRENT NEWS
WEEK 06
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો



GPSC 1/2, STI, PI, PSI/ASI/CONSTABLE, A.O., ATDO,
તલાટી, જૂ. કલાર્ક, બિનસચિવાલય, Dy. SO/Dy. MAMLATDAR વગેરે...
2020માં આવનારી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે

# ફ્રી સેમિનાર મહેસાણામાં

16/02/2020, રવિવાર
બપોરે 3 વાગ્યે

સ્થળ : પંડિત દિનદયાલ ઉપાધ્યાય ટાઉન હોલ, અરવિંદ બાગ પાસે, મહેસાણા

ફ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત 81406 - 01110 81407 - 01110

online registration માટે બાજુમાં CLICK કરો

Click here to
Register Online

અમારી સાથે જોડાયેલા રહો :

www.ICEONLINE.IN
9375701110/9328001110


Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

## 02 FEBRUARY, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 2 ફેબ્રુઆરી, વિશ્વ આર્દ્રભૂમિ દિવસ (World Wetland Day)

### ➤ ગુજરાતમાં ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં સ્થપાશે ભારતનું પ્રથમ 'ઈન્ટરનેશનલ સ્પોટ બુલિયન એક્સચેન્જ'




1 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતની સંસદમાં રજૂ થયેલા નાણાકીય વર્ષ 2020-21ના ભારત સરકારના બજેટમાં ગુજરાતમાં 'ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ'ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- ગુજરાતના ગાંધીનગરમાં GIFT City ખાતે આવેલ IFSC એટલે કે International Financial Service Centreમાં આ International Bullion Exchangeની સ્થાપના કરવામાં આવશે.
- ગુજરાતમાં ગાંધીનગરના GIFT City ખાતે આવેલ IFSCએ ભારતનું પ્રથમ અને એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર છે.
- ગાંધીનગરમાં ગિફ્ટ સિટીના IFSCમાં સ્થાપાનાર આ 'ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ' પણ ભારતનું પ્રથમ 'ઈન્ટરનેશનલ સ્પોટ બુલિયન એક્સચેન્જ' છે એવું કહેવાય છે.
- ભારતમાંથી સોનાના વેપાર માટે અને ભાવ નિર્ધારણ માટે આ બુલિયન એક્સચેન્જ પાયારૂપ બની રહેશે.
- ભવિષ્યમાં સોનાનો ભાવ ગુજરાતના ગિફ્ટ સિટીથી નક્કી થશે એવું પણ કહેવાય છે.
- 'ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ' ઉપરાંત ગુજરાતના ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટીમાં કિંમતી ધાતુઓની લેબ અને રિફાઈનિંગની સુવિધા પણ શરૂ કરવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે.
- જેનાથી ઘરઆંગણાનાં હીરા-ઝવેરાત ઉદ્યોગને ફાયદો થશે.

**નોંધ :** GIFT Cityનું પૂરું નામ Gujarat International Finance Tec-City છે.

### ➤ ગુજરાતમાં અમદાવાદ પાસેના લોથલ ખાતે ભારતનું પ્રથમ મેરિટાઈમ મ્યુઝિયમ સ્થપાશે



1 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતની સંસદમાં રજૂ થયેલા નાણાકીય વર્ષ 2020-21ના ભારત સરકારના બજેટમાં ગુજરાતના લોથલ ખાતે 'મેરિટાઈમ મ્યુઝિયમ'ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- ગુજરાતમાં અમદાવાદ પાસેના લોથલ ખાતે સ્થપાનાર આ મેરિટાઈમ મ્યુઝિયમ ભારતનું પ્રથમ 'National Maritime Heritage Museum' છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા આ મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવશે.
- લોથલ ખાતે સ્થપાનાર આ વર્લ્ડ ક્લાસ 'રાષ્ટ્રીય મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ'માં દરિયાઈ ઈતિહાસના પુનર્નિર્માણ માટે એક સ્વતંત્ર રિસર્ચ સેન્ટરની પણ સ્થાપના કરવામાં આવશે.

**નોંધ :** હડપ્પા સંસ્કૃતિ માટે પ્રસિદ્ધ લોથલ ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાલા ગામ પાસે આવેલું છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતની પાંચ 'આઈકોનિક સાઈટ'માં ગુજરાતના ધોળાવીરાનો સમાવેશ

1 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતની સંસદમાં રજૂ થયેલા નાણાકીય વર્ષ 2020-21ના ભારત સરકારના બજેટમાં સ્થાનિક સંગ્રહાલયવાળા ભારતના 5 પુરાતત્ત્વીય સ્થળોને Iconic Sites તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે.

- આ પાંચ આઈકોનિક સાઈટમાં ગુજરાતના ધોળાવીરાનો પણ સમાવેશ થયો છે.

**5 Iconic Sites**

| ક્રમ | સ્થળ | રાજ્ય |
|---|---|---|
| 1 | ધોળાવીરા | ગુજરાત |
| 2 | રાખીગઢી | હરિયાણા |
| 3 | હસ્તિનાપુર | ઉત્તરપ્રદેશ |
| 4 | શિવસાગર | આસામ |
| 5 | અદિચનલ્લૂર | તમિલનાડુ |



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE Questions

1. 'વિશ્વ આર્દ્રભૂમિ દિવસ' (World Wetland Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 4 ફેબ્રુઆરી **(B)**

2. ભારત સરકારના વર્ષ 2020-21ના બજેટમાં ભારતના કયા શહેરમાં 'ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ'ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) મુંબઈ (D) નવી દિલ્હી **(B)**

3. ભારત સરકારના વર્ષ 2020-21ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં ગાંધીનગરની ગિફ્ટ સિટી ખાતે આવેલી કઈ સંસ્થામાં 'ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ'ની સ્થાપના કરવામાં આવશે ?
(A) ISFC (B) IFSC (C) ICFS (D) ISCF **(B)**

4. ભારત સરકારના વર્ષ 2020-21ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતના કયા શહેરમાં કિંમતી ધાતુઓની લેબ અને રિફાઈનરીની સુવિધા શરૂ કરવામાં આવશે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) મુંબઈ (D) નવી દિલ્હી **(B)**

5. ગુજરાતમાં ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટી (GIFT City)નું પૂરું નામ શું છે ?
(A) Gujarat International Freelance Tec City
(B) Gujarat International Financial Tec City
(C) Gujarat International Freedom Tec City
(D) Gujarat International Finance Tec City **(D)**

6. ભારતના કયા સ્થળે ભારતનું પ્રથમ રાષ્ટ્રીય મેરિટાઈમ મ્યુઝિયમ બનાવવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે ?
(A) ધોળાવીરા (B) રાખીગઢી (C) લોથલ (D) કંડલા **(C)**

7. લોથલ અમદાવાદ જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
(A) સાણંદ (B) વિરમગામ (C) ધોળકા (D) વસ્ત્રાલ **(C)**

8. લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કયા ગામ પાસે આવેલું છે ?
(A) અરણેજ (B) શેખડી (C) શિયાવાડા (D) સરગવાલા **(D)**

9. ભારતમાં કેન્દ્ર સરકારના વર્ષ 2020-21ના બજેટમાં ભારતના 5 પુરાતત્ત્વીય સ્થળોને 5 Iconic Sites તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે...આ 5 પુરાતત્ત્વીય સ્થળોમાં ગુજરાતના કયા સ્થળનો સમાવેશ થયો છે ?
(A) લોથલ (B) રાણકી વાવ (C) ધોળાવીરા (D) નવલખી મહેલ **(C)**

10. વર્ષ 2020-21ના કેન્દ્ર સરકારના બજેટમાં ભારતના કયા 5 પુરાતત્ત્વીય સ્થળોને 'આઈકોનિક સાઈટ' તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) ધોળાવીરા, રાખીગઢી, જેસલમેર, અદિચનલ્લૂર, શિવસાગર
(B) ધોળાવીરા, રાખીગઢી, જયપુર, અદિચનલ્લૂર, શિવસાગર
(C) ધોળાવીરા, રાખીગઢી, મેરઠ, અદિચનલ્લૂર, શિવસાગર
(D) ધોળાવીરા, રાખીગઢી, હસ્તિનાપુર, અદિચનલ્લૂર, શિવસાગર **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| | | | | | |
|---|---|---|---|---|---|
| 11. | ધોળાવીરા કચ્છ જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ? | | | | |
| | (A) અંજાર | (B) રાપર | (C) ભચાઉ | (D) લખપત | (C) |
| 12. | ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના કયા બેટમાં આવેલું છે ? | | | | |
| | (A) ખદીરબેટ | (B) સરસાનબેટ | (C) ધોળાબેટ | (D) નાલબેટ | (A) |

## 03 FEBRUARY, 2020 MONDAY

### ➤ ઓસ્ટ્રેલિયન ઓપન 2020 : સર્બિયાના શ્રી નોવાક યોકોવિચ રેકોર્ડ આઠમી વખત ચેમ્પિયન



તાજેતરમાં 20 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી 2020 દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન પાર્ક ખાતે 108મી ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2020નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં 'મેન્સ સિંગલ્સ'ની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રિયાના શ્રી ડોમિનિક થિયમને પરાજય આપીને સર્બિયાના શ્રી નોવાક યોકોવિચે રેકોર્ડ આઠમી વખત આ ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે જ શ્રી નોવાક યોકોવિચ સૌથી વધુ 8 વખત ઓસ્ટ્રેલિયન ઓપનનું 'મેન્સ સિંગ્લસ' ટાઈટલ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- જ્યારે અમેરિકાના સુશ્રી સોફિયા કેનિને સ્પેનના સુશ્રી ગાર્બાઈન મુગુરુઝાને પરાજય આપીને 'મહિલા સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.
- સુશ્રી સોફિયા કેનિને જીતેલું આ પ્રથમ ગ્રાન્ડ સ્લેમ તથા પ્રથમ ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ છે.

**ઓસ્ટ્રેલિયન ઓપન 2020 વિજેતા**

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક યોકોવિચ (સર્બિયા) | શ્રી ડોમિનિક થિયમ (ઓસ્ટ્રિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી સોફિયા કેનિન (અમેરિકા) | સુશ્રી ગાર્બાઈન મુગુરુઝા (સ્પેન) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી રાજીવ રામ (અમેરિકા)<br>શ્રી જો સેલિસ્બરી (બ્રિટન) | શ્રી મેક્સ પુર્સેલ (ઓસ્ટ્રેલિયા)<br>શ્રી લ્યુક સેવિલ (ઓસ્ટ્રેલિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી ટિમીયા બેબોસ (હંગેરી)<br>સુશ્રી ક્રિસ્ટિના મ્લાદેનોવિક (ફ્રાન્સ) | સુશ્રી હમીહ સુ-વેઈ (ચીની તાઈપેઈ)<br>સુશ્રી બાર્બોરા સ્ટ્રીકોવા (ચેક રિપબ્લિક) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી બાર્બોરા ક્રેજેકીકોવા (ચેક રિપબ્લિક)<br>શ્રી નિકોલા મેક્ટીક (ક્રોએશિયા) | સુશ્રી બેથાની મેટેક સેન્ડસ (અમેરિકા)<br>શ્રી જેમી મરે (બ્રિટન) |

**નોંધ :** (1) જુદા-જુદા ત્રણ દાયકામાં ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર શ્રી નોવાક યોકોવિચ શ્રી રોસવેલ બાદ વિશ્વના બીજા પુરુષ ખેલાડી અને ઓપન એરાના પ્રથમ ખેલાડી બની ગયા છે.

(2) શ્રી નોવાક યોકોવિચે વર્ષ 2008માં પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યું હતું. આથી 2000, 2010 અને 2020 એમ જુદા-જુદા ત્રણ દાયકામાં ટાઈટલ જીતીને તેમણે આ સિદ્ધિ મેળવી છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ




ટેનિસની રમતની **ચાર** સૌથી મોટી ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન અને યુએસ ઓપનનો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં મુખ્ય ચાર ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે.

### ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડ કોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરીસ | 1891 | ક્લે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |

- **ઓસ્ટ્રેલિયન ઓપન** એ દર વર્ષે **વર્ષના પ્રારંભે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **યુએસ ઓપન** એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ **સૌથી જૂની** ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

**નોંધ :** (1) **ટેનિસનું** મેદાન **કોર્ટ** તરીકે ઓળખાય છે.
(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ **કોર્ટ** તરીકે જ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 20 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ઓસ્ટ્રેલિયન ઓપન 2020 ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન ક્યાં થયું હતું ?
(A) પેરીસ (B) મેલબોર્ન (C) લંડન (D) ન્યુયોર્ક — **(B)**

2. ઓસ્ટ્રેલિયન ઓપન 2020માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર
(C) શ્રી નોવાક યોકોવિચ (D) શ્રી નિકોલસ મહૂત — **(C)**

3. તાજેતરમાં સૌથી વધુ 8 વખત ઓસ્ટ્રેલિયન ઓપનનું મેન્સ સિંગલ્સ ટાઈટલ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી કોણ બન્યા છે ?
(A) શ્રી નોવાક યોકોવિચ (B) શ્રી રોજર ફેડરર
(C) શ્રી રાફેલ નડાલ (D) શ્રી નિકોલસ મહૂત — **(A)**

4. તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી નોવાક યોકોવિચ કયા દેશના છે ?
(A) સ્પેન (B) જાપાન (C) ચીન (D) સર્બિયા — **(D)**

5. તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ઓપન 2020માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી કેરોલિન વોઝનિયાકી (B) સુશ્રી પેટ્રા ક્વિટોવા
(C) સુશ્રી ઝેન્ગ શૂઈ (D) સુશ્રી સોફિયા કેનિન — **(D)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

6. ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં નીચેનામાંથી કઈ ટુર્નામેન્ટનો સમાવેશ થતો નથી ?
(A) ઓસ્ટ્રેલિયન ઓપન (B) યુરોપ ઓપન (C) ફ્રેન્ચ ઓપન (D) યુ. એસ. ઓપન **(B)**

7. દર વર્ષે વર્ષના પ્રારંભે કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે ?
(A) યુ. એસ. ઓપન (B) વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ
(C) ઓસ્ટ્રેલિયન ઓપન (D) ફ્રેન્ચ ઓપન **(C)**

8. દર વર્ષે વર્ષના અંતે કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે ?
(A) યુ. એસ. ઓપન (B) ફ્રેન્ચ ઓપન
(C) વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ (D) ઓસ્ટ્રેલિયન ઓપન **(A)**

9. સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ કઈ છે ?
(A) યુ. એસ. ઓપન (B) ફ્રેન્ચ ઓપન
(C) વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ (D) ઓસ્ટ્રેલિયન ઓપન **(C)**

10. ટેનિસ, કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ તથા ખો–ખોનું મેદાન કયા નામે ઓળખાય છે ?
(A) ફિલ્ડ (B) કોર્ટ (C) કોર્સ (D) એકપણ નહીં **(B)**

11. ઓસ્ટ્રેલિયન ઓપન તથા યુ. એસ. ઓપન કઈ કોર્ટ પર રમાય છે ?
(A) હાર્ડ કોર્ટ (B) ક્લે કોર્ટ (C) ગ્રાસ કોર્ટ (D) રેગ્યુલર કોર્ટ **(A)**

12. નીચેનામાંથી ક્લે કોર્ટ પર કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ રમાય છે ?
(A) ઓસ્ટ્રેલિયન ઓપન (B) ફ્રેન્ચ ઓપન (C) યુ. એસ. ઓપન (D) A અને C બંને **(B)**

13. નીચેનામાંથી ગ્રાસ કોર્ટ પર કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ રમાય છે ?
(A) ઓસ્ટ્રેલિયન ઓપન (B) ફ્રેન્ચ ઓપન
(C) યુ. એસ. ઓપન (D) વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)




સમગ્ર વિશ્વમાં કેન્સર વિશે જાગૃતિ વધારવા તથા તેના નિવારણ, નિદાન અને સારવારને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે **4 ફેબ્રુઆરી**ના રોજ **‘વિશ્વ કેન્સર દિવસ’**ની ઉજવણી કરવામાં આવે છે.

- **યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (UICC)** દ્વારા વર્ષ **2008**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### વર્ષ 2019થી 2021 સુધીની થીમ

વર્ષ **2019થી 2021** સુધીની ‘વિશ્વ કેન્સર દિવસ’ની થીમ **'I Am and I will'** (**હું છું અને હું કરીશ**) છે.

- આ અગાઉ વર્ષ **2016થી 2018** સુધીની ‘વર્લ્ડ કેન્સર ડે’ની થીમ **'We can. I Can.' (આપણે કરી શકીએ છીએ. હું કરી શકું છું.)** હતી.

## ➤ ટીમ ઈન્ડિયા ટી-20માં 5-0થી વ્હાઈટ વોશ કરનારી વિશ્વની પ્રથમ ક્રિકેટ ટીમ બની



તાજેતરમાં 24 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે 5 ટી-20 ક્રિકેટ મેચની સિરીઝનું આયોજન થયું હતું.

- ન્યુઝીલેન્ડની ધરતી પર યોજાયેલી 5 ટી-20 મેચની આ સિરીઝમાં ભારતે ન્યુઝીલેન્ડને 5-0થી પરાજય આપ્યો હતો.
- આ સાથે જ ભારતીય ક્રિકેટ ટીમ ટી-20માં 5-0થી વ્હાઈટ વોશ કરનારી વિશ્વની પ્રથમ ક્રિકેટ ટીમ બની ગઈ છે.
- આ 5 મેચમાંથી ભારતે સળંગ બે મેચમાં સુપર ઓવરમાં વિજય મેળવ્યો હતો.
- 5 મેચની આ સિરીઝમાં 224 રન બનાવનાર ભારતના શ્રી કે. એલ. રાહુલ 'મેન ઓફ ધ સિરીઝ' બન્યા હતા.

**નોંધ :** (1) શ્રી કે. એલ. રાહુલ કર્ણાટકના વિકેટ કીપર - બેટ્સમેન છે.
(2) તેમનો જન્મ 18 એપ્રિલ, 1992ના રોજ કર્ણાટકના મેંગલોર ખાતે થયો હતો.


GPSC
ADVANCE BATCH
883+ ભરતી જાહેર
CLASS 1/2 • P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR • RFO
ACCOUNT OFFICER etc...
32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET
GPSCદ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ
બેઝીકથી ડેપ્થ સુધીની સંપૂર્ણ તૈયારી
પ્રિલિમ્સ અને મેઈન્સની સંયુક્ત તૈયારી
UPSC લેવલ Detail Study Materials
FACTSની સાથે CONCEPT આધારિત તૈયારી
GPSC CLASS 1 / 2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ
GPSC CLASS 1 / 2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન
પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
ફ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત
ફ્રી ટ્રાયલ લેક્ચર
18-02-2020 રાજકોટ 93757-01110
20-02-2020 અમદાવાદ 84695-01110
20-02-2020 ગાંધીનગર 81406-01110

## ➤ એસીડ હુમલાનો ભોગ બનેલ વ્યક્તિ પણ હવે દિવ્યાંગ ગણાશે



ગુજરાત રાજ્યના **સમાજ સુરક્ષા વિભાગ** દ્વારા તાજેતરમાં **‘દિવ્યાંગતા’** અંગે નવી ગાઈડ લાઈન જારી કરવામાં આવી છે.

- આ ગાઈડ લાઈન અનુસાર ગુજરાતમાં હવે **એસીડ હુમલાનો ભોગ બનેલ વ્યક્તિ** સહિત **21 શારીરિક ક્ષતિઓ** ધરાવતી વ્યક્તિ **‘દિવ્યાંગ’** ગણાશે.
- અને તેમને સરકારની દિવ્યાંગો માટેની વિવિધ યોજનાઓનો લાભ મળશે.

### દિવ્યાંગતાની વ્યાખ્યા

ભારતમાં કેન્દ્ર સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**ની ગાઈડ લાઈન અનુસાર આ નવી ગાઈડ લાઈન તૈયાર કરવામાં આવી છે.

- જેમાં એસીડ હુમલાનો ભોગ બનેલી વ્યક્તિ, થેલેસેમીયા, સેરીબ્રલ પાલ્સી, ખાસ અભ્યાસ સંબંધી વિકલાંગતા, બૌદ્ધિક અસમર્થતા, રક્તપિત્ત, હેમોફેલિયા, ધ્રુજારી, સ્નાયુઓનો ક્ષય, અંધત્વ, બહેરાશ, ચેતાતંત્રની ક્ષતિઓ, માનસિક બિમારી તથા રક્તસ્ત્રાવ સહિતની **21 જેટલી શારીરિક ક્ષતિઓ** ધરાવતી વ્યક્તિનો દિવ્યાંગ તરીકેની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ‘વિશ્વ કેન્સર દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી | (C) |
| 2. | વર્ષ 2020ની (અથવા તો વર્ષ 2019થી 2021 સુધીની) ‘વિશ્વ કેન્સર દિવસ’ની થીમ શું છે ?<br>(A) I can We can (B) We can I can<br>(C) I will and I am (D) I am and I will | (D) |
| 3. | તાજેતરમાં કઈ ટીમ ટી-20માં 5-0થી વ્હાઈટ વોશ કરનારી વિશ્વની પ્રથમ ટીમ બની છે ?<br>(A) ભારત (B) ન્યુઝીલેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) ઈંગ્લેન્ડ | (A) |
| 4. | કઈ ટીમને પરાજય આપીને ભારતીય ક્રિકેટ ટીમ ટી-20માં 5-0થી વ્હાઈટ વોશ કરનારી વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે ?<br>(A) શ્રીલંકા (B) ઓસ્ટ્રેલિયા (C) ન્યુઝીલેન્ડ (D) ઈંગ્લેન્ડ | (C) |
| 5. | તાજેતરમાં ભારતે ન્યુઝીલેન્ડમાં રમાયેલી ટી-20 સિરીઝ 5-0થી જીતી લીધી હતી... આ સિરિઝમાં ‘મેન ઓફ ધ સિરીઝ’ કોણ બન્યું હતું ?<br>(A) શ્રી રોહિત શર્મા (B) શ્રી વિરાટ કોહલી<br>(C) શ્રી રવિન્દ્ર જાડેજા (D) શ્રી કે. એલ. રાહુલ | (D) |
| 6. | ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા તાજેતરમાં ‘દિવ્યાંગતા’ અંગે નવી ગાઈડ લાઈન જારી કરવામાં આવી છે. આ ગાઈડ લાઈન અનુસાર ‘દિવ્યાંગતા’ની વ્યાખ્યામાં કુલ કેટલી શારીરિક ક્ષતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) 15 (B) 20 (C) 21 (D) 25 | (C) |

## 05 FEBRUARY, 2020 WEDNESDAY

### ➤ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા 'સંતુષ્ટ' પોર્ટલ લોન્ચ



ભારતમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તાજેતરમાં 'સંતુષ્ટ' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતમાં Grassrooot સ્તરે (નીચેના સ્તરે) મજૂર કાયદાઓના અમલીકરણના મોનિટરિંગ માટે આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- ભારતમાં આ પોર્ટલના માધ્યમથી કર્મચારીઓ ઉપરાંત રોજગાર દાતાઓની ફરિયાદોનું પણ નિવારણ કરવામાં આવશે.
- આ ઉપરાંત આ પોર્ટલ દ્વારા આરોગ્ય વીમો અને EPFO તેમજ ESICની સેવાઓનું પણ મોનિટરિંગ કરવામાં આવશે.

**નોંધ :** (1) EPFOનું પૂરું નામ Employment Provident Fund Organization છે.

(2) ESICનું પૂરું નામ Employment State Insurance Corporation છે.


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાત તથા ભારત સરકારની
યોજના
400 થી વધુ મહત્વની યોજનાઓ

COMING SOON

Source
Authorised Data From
Government Ministries
Press Information Bureau
www.india.gov.in (National Portal of India)
Government Declarations

- પ્રિલિમ તથા મુખ્ય પરીક્ષા માટે ઉપયોગી
- જાહેર વહીવટ, પંચાયતી રાજ અને વિજ્ઞાન & ટેકનોલોજી સાથે સંલગ્ન યોજનાઓ સમાવિષ્ટ
- મહત્ત્વના વેબ પોર્ટલ અને મોબાઈલ એપ યાદ રાખવા QUICK TABLE
- મંત્રાલયો મુજબ યોજનાઓનું વર્ગીકરણ
- સરકારના દરેક ક્ષેત્રોની યોજનાઓનું 360° કવરેજ
- હાઈસ્કોર કરવા માટે FACTS & DATAનું વિભાગવાર સંકલન
- દરેક યોજનાની ટેગલાઈન, લોગો, તારીખ, સ્થળ અને લાભાર્થી સાથેની વિસ્તૃત અને વિવરણાત્મક માહિતી
- અગાઉની પરીક્ષામાં પૂછાયેલી યોજનાનું સંકલન



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે
CALL
93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➤ હરિયાણાના સૂરજકુંડ ખાતે વિશ્વના સૌથી મોટા હસ્તકલા મેળાનો પ્રારંભ



તાજેતરમાં 1થી 16 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં હરિયાણાના ફરિદાબાદ જિલ્લાના સૂરજકુંડ ખાતે '34મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા 2020' (34th Surajkund International Crafts Mela 2020)નું આયોજન કરવામાં આવ્યું છે.

- દર વર્ષે સૂરજકુંડ ખાતે યોજાતો આ મેળો વિશ્વનો સૌથી મોટો હસ્તકલા મેળો છે.
- સૂરજકુંડ સરોવર પાસે યોજાતા આ મેળાનો પ્રારંભ 1987થી થયો હતો.
- તાજેતરમાં 1 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.
- આ મેળામાં લાખો પ્રવાસીઓ ભાગ લે છે.
- આ મેળામાં અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કારીગરો પોતાની કલા તથા સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે.

**નોંધ :** (1) આ મેળામાં થીમ સ્ટેટ તરીકે આ વર્ષે હિમાચલ પ્રદેશની પસંદગી કરવામાં આવી છે.
(2) જ્યારે ઉઝબેકિસ્તાન આ મેળામાં ભાગીદાર દેશ (Partner Country) છે.

## ➤ ડાયને ચક્રવાતથી પ્રભાવિત મડાગાસ્કરમાં ભારતીય નૌસેના દ્વારા 'Operation Vanilla' હાથ ધરવામાં આવ્યું

તાજેતરમાં ડાયને નામના ચક્રવાતને કારણે હિન્દ મહાસાગરમાં આફ્રિકા ખંડના પૂર્વીય તટ પર આવેલા ટાપુ દેશ મડાગાસ્કરમાં ભારે તબાહી સર્જાઈ હતી.

- આથી, આ સ્થિતિમાં મડાગાસ્કરને સહાય કરવા માટે ભારતીય નૌસેના દ્વારા 'ઓપરેશન વનિલા' હાથ ધરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત ભારતીય નૌસેનાના INS ઐરાવત નામના જહાજ દ્વારા 1 ફેબ્રુઆરી, 2020ના રોજ મડાગાસ્કરમાં સહાય અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી.

**નોંધ :** (1) મડાગાસ્કરમાં ભારતના INS ઐરાવત નામના જહાજ દ્વારા પહોંચાડવામાં આવેલી આ સહાય કોઈપણ આંતરરાષ્ટ્રીય દેશ દ્વારા પહોંચાડવામાં આવેલી સૌપ્રથમ સહાય હતી.
(2) મડાગાસ્કરની રાજધાની અન્ટાનનરીવો છે.
(3) મડાગાસ્કરનું ચલણ Malagasy ariary છે.

## ICE ? Questions

1. ભારતમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા મજૂર કાયદાઓના અમલીકરણના મોનિટરિંગ માટે ભારતમાં કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) સમૃદ્ધ (B) સંતોષ (C) સંપર્ક (D) સંતુષ્ટ **(D)**

2. તાજેતરમાં ભારતમાં લોન્ચ થયેલા 'સંતુષ્ટ' પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) સ્ત્રીઓ અને બાળકો માટેના કાયદાઓના અમલીકરણનું મોનિટરિંગ
(B) MSME માટેના કાયદાઓના અમલીકરણનું મોનિટરિંગ
(C) મજૂર માટેના કાયદાઓના અમલીકરણનું મોનિટરિંગ
(D) ગરીબ અને અનાથ બાળકો માટેના કાયદાઓના અમલીકરણનું મોનિટરિંગ **(C)**

3. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં વિશ્વના સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?
(A) હિમાચલ પ્રદેશ (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) ઉત્તરપ્રદેશ **(B)**

4. તાજેતરમાં ભારતમાં હરિયાણામાં આવેલા કયા સ્થળે વિશ્વના સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?
(A) સૂરજકુંડ, જિ. ફરિદાબાદ (B) સૂરજકુંડ, જિ. ફતેહાબાદ
(C) સૂરજકુંડ, જિ. ગુરુગ્રામ (D) સૂરજકુંડ, જિ. પાણીપત **(A)**

5. ભારતમાં હરિયાણાના ફરિદાબાદ જિલ્લામાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેટલામા 'સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકળા મેળા 2020'નો શુભારંભ કરાવ્યો હતો ?
(A) 30મા (B) 32મા (C) 34મા (D) 36મા **(C)**

6. હરિયાણામાં યોજાયેલા '34મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા 2020'માં થીમ સ્ટેટ તરીકે કયા રાજ્યની પસંદગી કરવામાં આવી હતી ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) પંજાબ (D) હિમાચલ પ્રદેશ **(D)**

7. ભારતમાં '34મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા 2020'માં 'પાર્ટનર કન્ટ્રી' અથવા તો 'ભાગીદાર દેશ' તરીકે કયો દેશ હતો ?
(A) રશિયા (B) ઈઝરાયેલ (C) ઉઝબેકિસ્તાન (D) તાજિકિસ્તાન **(C)**

8. તાજેતરમાં ડાયને ચક્રવાતથી પ્રભાવિત કયા દેશમાં ભારતીય નૌસેના દ્વારા 'ઓપરેશન વેનિલા' હાથ ધરવામાં આવ્યું હતું ?
(A) મોરિશિયસ (B) મોલ્ડોવા (C) મડાગાસ્કર (D) માલદિવ **(C)**

9. ડાયને ચક્રવાતથી પ્રભાવિત મડાગાસ્કરમાં સહાય માટે 'ઓપરેશન વેનિલા' અંતર્ગત ભારતીય નૌસેના દ્વારા ક્યું જહાજ મોકલવામાં આવ્યું હતું ?
(A) INS વિક્રમાદિત્ય (B) INS ઐરાવત (C) INS રાજહંસ (D) INS ચક્ર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 06 FEBRUARY, 2020 THURSDAY

### ➤ અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરના નિર્માણ માટે 15 સભ્યોના ટ્રસ્ટની રચના



5 ફેબ્રુઆરી, 2020ના રોજ નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અયોધ્યામાં શ્રી રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચના અંગે મંજૂરી આપવામાં આવી છે.

- આ અંગે માહિતી આપતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકસભામાં જણાવ્યું હતું કે, આ ટ્રસ્ટનું નામ 'શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર' રહેશે.
- આ ટ્રસ્ટ અયોધ્યામાં ભગવાન શ્રી રામજીના ભવ્ય મંદિરના નિર્માણ માટે તમામ મહત્ત્વના નિર્ણયો લેશે.
- આ ટ્રસ્ટનું કાર્યાલય દિલ્હી ખાતે રહેશે.
- અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિના સ્થળે નવું મંદિર બનાવવા માટે ભારતની સુપ્રીમ કોર્ટે ત્રણ મહિનામાં આ માટે ટ્રસ્ટની રચના કરવાનો આદેશ આપ્યો હતો.
- આથી, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે.

## ટ્રસ્ટના સભ્યો

આ ટ્રસ્ટમાં કુલ **15 સભ્યો**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ ટ્રસ્ટના 15 સભ્યોમાં **અયોધ્યા જિલ્લા કલેક્ટર** (કે જેઓ હિન્દુ હોવા જરૂરી છે), **કેન્દ્ર સરકારના એક પ્રતિનિધિ**, **રાજ્ય સરકારના એક પ્રતિનિધિ**, અયોધ્યા રાજપરિવારના વંશજ **શ્રી વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા**, સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ **શ્રી કે. પરાશરન** (કે જેઓ અયોધ્યા મામલે હિન્દુ પક્ષના વકીલ હતા) તેમજ એક શંકરાચાર્ય ઉપરાંત ધર્મગુરુઓ સહિત અન્ય વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) અયોધ્યામાં મંદિર નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સંપાદિત કરવામાં આવેલી **67.703 એકર** જમીન પણ આ ટ્રસ્ટને આપવામાં આવશે.

(2) બીજી તરફ સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કેન્દ્ર સરકારે અયોધ્યામાં મુસ્લિમ પક્ષના **સુન્ની વક્ફ બોર્ડ**ને **5 એકર** જમીન પણ આપી દીધી છે.

(3) ઉત્તરપ્રદેશમાં **અયોધ્યા**ના **સોહાવાલ** તાલુકાના **ધન્નીપુર** ગામમાં લખનૌ હાઈવે પર આ જમીન આવેલી છે. આ જમીન પર મુસ્લિમ સમાજ પોતાની ઈચ્છા મુજબ મસ્જિદ અથવા યુનિવર્સિટી કે કોઈ અન્ય ઈમારતનું નિર્માણ કરી શકશે.

## ➤ ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે એશિયાના સૌથી મોટા DEFEXPO 2020નો પ્રારંભ



5 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશ**ના **લખનૌ** ખાતે **'INDIA DEFEXPO - 2020'**નો શુભારંભ કરાવ્યો છે.

- ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે 5થી 9 ફેબ્રુઆરી, 2020 દરમિયાન યોજાઈ રહેલો આ ડિફેન્સ એક્સ્પો **એશિયાનો સૌથી મોટો ડિફેન્સ એક્સ્પો** છે.
- ભારતમાં **દર બે** વર્ષે આ સૈન્ય પ્રદર્શન યોજાય છે.
- તાજેતરમાં વર્ષ **2020**માં ભારતમાં **11મા ડિફેન્સ એક્સ્પોનું** આયોજન કરવામાં આવ્યું છે.
- જેમાં દેશ વિદેશના 1000થી વધુ સંરક્ષણ ઉત્પાદકો અને 150 કંપનીઓએ ભાગ લીધો હતો.
- આ ડિફેન્સ એક્સ્પોમાં સંરક્ષણ નિર્માણ ક્ષેત્રમાં ભારતની સિદ્ધિઓ અને ઉત્પાદનોનું પ્રદર્શન તેમજ દેશ વિદેશમાં બનેલા આધુનિક શસ્ત્રો અને ડિફેન્સ ટેક્નોલોજીનું પણ દર્શન કરાવવામાં આવ્યું હતું.

## DEFEXPO 2020ની થીમ

DEFEXPO 2020ની મુખ્ય થીમ **'India : The Emerging Defence Manufacturing Hub'** હતી.

- અને આ ડિફેન્સ એક્સ્પોનું મુખ્ય ફોકસ **'Digital Transformation of Defence'** હતું.

## ભારતની સંરક્ષણ નિકાસ

આ ડિફેન્સ એક્સ્પોના ઉદ્‌ઘાટન પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી માહિતી અનુસાર –

- આંતરરાષ્ટ્રીય સ્તરે સંરક્ષણ નિકાસમાં ભારતના હિસ્સામાં વધારો થયો છે.
- છેલ્લા **બે વર્ષ**માં ભારતે આશરે **રૂ. 17,000 કરોડ**ના મૂલ્યના સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરી છે.
- આ સંરક્ષણ નિકાસને વધારીને **5 અબજ ડોલર** સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.
- ભારતમાં હાલ આર્ટિલરી ગન તેમજ વિમાનવાહકોથી લઈને યુદ્ધજહાજ સબમરિનનું પણ નિર્માણ થઈ રહ્યું છે.
- હવે આગામી **પાંચ વર્ષ**માં ભારતમાં સંરક્ષણ ક્ષેત્રમાં **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના** **ઓછામાં ઓછા 25 ઉત્પાદનો** વિકસાવવાની સરકારની યોજના છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારતમાં Defence કોરિડોર

ભારતમાં સંરક્ષણ ઉપકરણોનાં નિર્માણ માટે **બે મોટા સંરક્ષણ કોરિડોર** બનાવવામાં આવ્યા છે :

**(1) ઉત્તરપ્રદેશ અને**

**(2) તમિલનાડુ**

- તેમાંથી **ઉત્તરપ્રદેશ** ખાતે બનનાર કોરિડોરમાં **લખનૌ, અલીગઢ, આગ્રા, ઝાંસી, ચિત્રકૂટ અને કાનપુર** એમ કુલ **6 શહેરો**ને જોડવામાં આવ્યા છે.
- જ્યારે **તમિલનાડુ** ખાતે બનનાર કોરિડોરમાં **ચેન્નાઈ, હોસુર, સાલેમ, કોઈમ્બતૂર અને તિરુચિરાપલ્લી** એમ કુલ **5 શહેરો**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2018માં તમિલનાડુના ચેન્નાઈ ખાતે DEFEXPO 2018નું આયોજન થયું હતું.

(2) જ્યારે વર્ષ 2020માં ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આ એક્સ્પોનું આયોજન થયું છે. જે લખનૌ ખાતે યોજાયેલો પ્રથમ DEFEXPO છે.

(3) ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા આ ડિફેન્સ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ICE Questions

**1.** અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરના નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલા સભ્યોના એક ટ્રસ્ટની રચના કરવામાં આવી છે ?

(A) 11 (B) 15 (C) 18 (D) 21 **(B)**

**2.** અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરના નિર્માણ માટે રચાયેલા 15 સભ્યોના ટ્રસ્ટને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ (B) શ્રી રામ જન્મભૂમિ મંદિર ટ્રસ્ટ
(C) શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ (D) શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ **(D)**

**3.** અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિરના નિર્માણ માટે રચાયેલા 15 સભ્યોના ટ્રસ્ટમાં નીચેનામાંથી કોનો સમાવેશ કરવામાં આવ્યો નથી ?

(A) કેન્દ્ર સરકારના એક પ્રતિનિધિ (B) રાજ્ય સરકારના એક પ્રતિનિધિ
(C) રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના એક પ્રતિનિધિ (D) અયોધ્યા જિલ્લા કલેક્ટર **(C)**

**4.** ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં એશિયાના સૌથી મોટા DEFEXPO-2020નું આયોજન કરવામાં આવ્યું છે ?

(A) ચેન્નાઈ (B) વારાણસી (C) લખનૌ (D) બેંગાલુરૂ **(C)**

**5.** તાજેતરમાં ભારતમાં ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે યોજાયેલા DEFEXPO-2020ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારતમાં દર વર્ષે આ ડિફેન્સ એક્સ્પો યોજાય છે.
2. વર્ષ 2020માં ભારતમાં 13મા DEFEXPOનું આયોજન થયું હતું.

(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(D)**

**6.** ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે યોજાયેલા DEFEXPO - 2020નું ઉદ્‌ઘાટન કોના હસ્તે થયું હતું ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રાજનાથ સિંહ
(C) શ્રી રામનાથ કોવિંદ (D) શ્રી એમ. વેંકૈયા નાયડુ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ભારતમાં યોજાયેલા 'DEFEXPO - 2020'ની થીમ શું હતી ?
(A) India : The Emerging Defence Manufacturing Hub
(B) India : The Emerging Defence Sector Hub
(C) India : The Emerging Defence Service Hub
(D) Digital Transformation of Defence
(A)

8. આગામી પાંચ વર્ષમાં ભારતમાં સંરક્ષણ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઓછામાં ઓછા કેટલા ઉત્પાદનો વિકસાવવાની સરકારની યોજના છે ?
(A) 15 (B) 20 (C) 25 (D) 40
(C)

9. ભારતમાં સંરક્ષણ ઉપકરણોનાં નિર્માણ માટે ભારતના કયા બે રાજ્યોમાં બે મોટા સંરક્ષણ કોરિડોર વિકસાવવામાં આવી રહ્યા છે ?
(A) ઉત્તરપ્રદેશ અને આંધ્રપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ અને તેલંગાણા
(C) ઉત્તરપ્રદેશ અને તમિલનાડુ (D) ઉત્તરપ્રદેશ અને કેરળ
(C)

## 07 FEBRUARY, 2020 FRIDAY

### ➤ ગુજરાતના સુરત સહિત ભારતની 5 IIITનો IIIT Act, 2017 અંતર્ગત સમાવેશ




5 ફેબ્રુઆરી, 2020ના રોજ નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતની 5 શિક્ષણ સંસ્થાઓનો IIIT (Public-Private Partnership) Act, 2017 અંતર્ગત સમાવેશ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

- આ 5 શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતના સુરત સહિત નીચેના પાંચ શહેરોની IIIT એટલે કે Indian Institute of Information Technologyનો સમાવેશ થાય છે :
  (1) સુરત, ગુજરાત
  (2) ભોપાલ, મધ્યપ્રદેશ
  (3) ભાગલપુર, બિહાર
  (4) રાયચુર, કર્ણાટક
  (5) અગરતલા, ત્રિપુરા
- IIIT (PPP) Act, 2017 અંતર્ગત આ સંસ્થાઓનો સમાવેશ થતાં જ આ સંસ્થાઓ 'રાષ્ટ્રીય મહત્ત્વનો દરજ્જો' ધરાવતી સંસ્થા બની જશે.
- આ ઉપરાંત આ સંસ્થાઓ આ એક્ટ અંતર્ગત ભારતમાં સ્થપાયેલી અન્ય IIIT સંસ્થાઓને મળતી તમામ સત્તાઓનો ઉપયોગ કરી શકશે.

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 5 ફેબ્રુઆરી, 2020ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતની કેટલી IIITને IIIT (PPP) Act, 2017 અંતર્ગત સમાવેશ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે ?<br>(A) 3 (B) 5 (C) 7 (D) 10 | (B) |
| 2. | તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં આવેલી IIITનો IIIT (PPP) Act, 2017 અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સુરત (D) રાજકોટ | (C) |
| 3. | તાજેતરમાં ભારતની 5 IIITને 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ 5 IIITમાં ગુજરાતની કઈ સંસ્થાનો સમાવેશ થાય છે ?<br>(A) Indian Institute of Information Technology (IIIT), Surat<br>(B) Indian Institute of Information Technology (IIIT), Ahmedabad<br>(C) Indian Institute of Information Technology (IIIT), Gandhinagar<br>(D) Indian Institute of Information Technology (IIIT), Rajkot | (A) |

## 08 FEBRUARY, 2020 SATURDAY

### ➤ ગુજરાત S.T.ને 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ 2018-19' એનાયત



તાજેતરમાં ભારતમાં નવી દિલ્હી ખાતે કેન્દ્ર સરકાર દ્વારા 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ એન્ડ એક્ઝીબિશન ઓન પબ્લિક ટ્રાન્સપોર્ટ ઈનોવેશન'નું આયોજન થયું હતું.


- આ ત્રીજી કોન્ફરન્સમાં ગુજરાત S.T.ને 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ 2018-19' એનાયત થયો છે.
- કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીના હસ્તે નવી દિલ્હી ખાતે ગુજરાત S.T. નિગમને આ એવોર્ડ એનાયત થયો હતો.
- દેશભરના માર્ગ વાહન વ્યવહાર નિગમોમાંથી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા થયેલા સૌથી ઓછા માર્ગ અકસ્માતને કારણે આ એવોર્ડ એનાયત થયો છે.
- ગુજરાતમાં S.T. નિગમ દ્વારા 1 લાખ કિલોમીટરે થતા માર્ગ અકસ્માતનું પ્રમાણ 0.06 જેટલું છે. જે સમગ્ર દેશમાં સૌથી ઓછું છે.

**નોંધ :** ગુજરાત રાજ્યના S.T. નિગમ GSRTCનું પૂરું નામ Gujarat State Road Transport Corporation છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ International IP Index 2020માં ભારત 40મા ક્રમે

અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના Global Innovation Policy Center (GIPC) દ્વારા તાજેતરમાં 5 ફેબ્રુઆરી, 2020ના રોજ International IP (Intellectual Property - બૌદ્ધિક સંપદા) Index 2020 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.




- આ ઈન્ડેક્સમાં કુલ 53 દેશોમાં ભારત 40મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં કુલ 50 દેશોમાં ભારત 36મા ક્રમે હતું.
- આથી, વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં ભારતના Rankમાં 4 ક્રમનો ઘટાડો થયો છે.

### પ્રથમ અને અંતિમ રેન્ક

વર્ષ 2020ના આ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્ષમાં અમેરિકા પ્રથમ ક્રમે છે.

- જ્યારે અમેરિકા બાદ બ્રિટન બીજા અને ફ્રાન્સ ત્રીજા ક્રમે છે.
- વેનેઝુએલા આ ઈન્ડેક્ષમાં અંતિમ 53મા ક્રમે છે.

### ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા (IP) ઈન્ડેક્ષ 2020 રેન્ક

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | બ્રિટન |
| 3 | ફ્રાન્સ |
| 4 | જર્મની |
| 5 | સ્વીડન |

| ક્રમ | દેશ |
|---|---|
| 28 | ચીન |
| 40 | ભારત |
| 51 | પાકિસ્તાન |
| 53 | વેનેઝુએલા |

ICE INSTITUTE FOR COMPETITIVE EX...

**નોંધ :** વર્ષ 2020ના ઈન્ટરનેશનલ બૌદ્ધિક ઈન્ડેક્ષમાં કુલ 100માંથી ભારતનો ઓવર ઓલ સ્કોર 38.46 છે.

### ICE ? Questions

1. નવી દિલ્હી ખાતે ભારતના કયા રાજ્યના S.T. નિગમને 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ 2018-19' એનાયત થયો છે ?
   (A) કર્ણાટક (B) કેરળ (C) આસામ (D) ગુજરાત **(D)**

2. નવી દિલ્હીમાં કોના હસ્તે ગુજરાત રાજ્યના S.T. નિગમને 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ 2018-19' એનાયત થયો છે ?
   (A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
   (C) શ્રી નીતિન ગડકરી (D) શ્રી પિયૂષ ગોયેલ **(C)**

**3.** ગુજરાત S.T. નિગમને 'ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ 2018-19' શા માટે એનાયત થયો છે ?
(A) સૌથી વધુ ઈલેક્ટ્રીક બસો ચલાવવા માટે
(B) સૌથી વધુ ઝડપી પરિવહન સેવા માટે
(C) સૌથી ઓછા માર્ગ અકસ્માત માટે
(D) ગુજરાતના તમામ ગામોમાં પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવા માટે — **(C)**

**4.** ગુજરાતમાં S.T. નિગમ દ્વારા દર 1 લાખ કિલોમીટરે થતા માર્ગ અકસ્માતનું પ્રમાણ કેટલું છે કે જે સમગ્ર દેશમાં સૌથી ઓછું છે ?
(A) 06.0 (B) 0.60 (C) 0.06 (D) 0.16 — **(C)**

**5.** GIPC દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા (IP) ઈન્ડેક્સ 2020માં કુલ 53 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 36 (B) 40 (C) 42 (D) 44 — **(B)**

**6.** GIPC દ્વારા પ્રસિદ્ધ થયેલા ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્સ 2019માં કુલ 50 દેશોમાં ભારત કયા ક્રમે હતું ?
(A) 36 (B) 40 (C) 42 (D) 44 — **(A)**

**7.** GIPC ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્સ 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) સ્વીડન (D) અમેરિકા — **(D)**

**8.** GIPC ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્સ 2020માં અંતિમ 53મા ક્રમે કયો દેશ છે ?
(A) ઝિમ્બાબ્વે (B) વેનેઝુએલા (C) કોંગો (D) મોંગોલિયા — **(B)**

**9.** કયા દેશની ચેમ્બર ઓફ કોમર્સના ગ્લોબલ ઈનોવેશન પોલિસી સેન્ટર (GIPC) દ્વારા ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) અમેરિકા (D) સ્વીડન — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ ભારતની સૌથી મોટી Gun (તોપ) SARANGનું સફળ પરીક્ષણ

તાજેતરમાં ભારતમાં **મધ્યપ્રદેશ**ના **જબલપુર** સ્થિત **ખમરિયા રેન્જ**માં હાઈ કેલિબર ગન **'સારંગ'**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. સારંગને ભારતની **સૌથી મોટી ગન અથવા તો તોપ** માનવામાં આવે છે. તેની મારક ક્ષમતા વધારીને **39 કિમી** સુધી કરવામાં આવી છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતમાં ટોપ 20 સ્માર્ટ સિટી, પછાત 20 સ્માર્ટ સિટીને ડેવલપ કરવામાં સહાય કરશે

ભારતના 100 સ્માર્ટ શહેરોમાંથી તાજેતરમાં ભારતના **ટોપ-20 સ્માર્ટ શહેરો**ની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ભારતના આ ટોપ-20 સ્માર્ટ શહેરોની યાદીમાં ગુજરાતના **સુરત, અમદાવાદ અને વડોદરા** એમ કુલ **ત્રણ શહેરો**નો સમાવેશ થયો છે. ભારતમાં ટોપ-20 સ્માર્ટ શહેરો ઉપરાંત સૌથી પછાત-20 શહેરોની પણ યાદી બનાવવામાં આવી છે. અને આ ટોપ-20 શહેરોને પછાત-20 શહેરો વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાતના **સુરત**ને **સહારનપુર** (ઉત્તરપ્રદેશ), **અમદાવાદ**ને **ચંદીગઢ** અને **વડોદરા**ને **મુરાદાબાદ** (ઉત્તરપ્રદેશ)ને વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ શહેરો **'સિસ્ટર સિટી'** તરીકે ઓળખાશે. એટલે કે **સુરત, અમદાવાદ અને વડોદરા**ના 'સિસ્ટર સિટી' તરીકે ક્રમશઃ **સહારનપુર, ચંદીગઢ અને મુરાદાબાદ**ની પસંદગી કરવામાં આવી છે.

## ➤ DUFF & PHELPS Celebrity Brand Valuation Index 2019માં શ્રી વિરાટ કોહલી પ્રથમ

અમેરિકન ગ્લોબલ એડવાઈઝરી ફર્મ **'ડફ એન્ડ ફેલ્સ'** દ્વારા તાજેતરમાં વર્ષ **2019**નો **સેલીબ્રિટી બ્રાન્ડ વેલ્યુએશન રિપોર્ટ** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં **બ્રાન્ડ વેલ્યુએશન**ની દષ્ટિએ **ભારતના ટોપ 20 સેલીબ્રિટી**માં **શ્રી વિરાટ કોહલી પ્રથમ** ક્રમે છે. શ્રી વિરાટ કોહલી બાદ **શ્રી અક્ષય કુમાર બીજા** અને **સુશ્રી દીપિકા પાદૂકોણ ત્રીજા** ક્રમે છે. આ યાદીમાં શ્રી વિરાટ કોહલી **સતત ત્રીજા વર્ષે** પ્રથમ ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મહારાષ્ટ્રના વધાવન ખાતે એક નવા મુખ્ય બંદરની રચનાને સૈદ્ધાંતિક મંજૂરી

5 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતમાં **નવી દિલ્હી** ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં **મહારાષ્ટ્ર**ના **વધાવન** ખાતે એક **નવા મુખ્ય બંદર (New Major Port)**ની રચના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. **મહારાષ્ટ્રના વધાવન** ખાતે અંદાજે **રૂ. 65,544 કરોડ**ના ખર્ચે આ નવા બંદરનું નિર્માણ થશે. આ બંદરને **'લેન્ડ લોર્ડ મોડલ'** અંતર્ગત વિકસાવવામાં આવશે.

## ➤ ભારતમાં કેરળના કોચી ખાતે 22nd India International Seafood Show (IISS) 2020નું આયોજન

7થી 9 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં **કેરળ**ના **કોચી** ખાતે **'22મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સીફૂડ શો 2020'**નું આયોજન કરવામાં આવ્યું છે. આ શો વિશ્વના સૌથી જૂના અને વિશ્વના સૌથી મોટા સીફૂડ શોમાંનો એક છે. આ શોની વર્ષ **2020**ની થીમ **'Blue Revolution - Beyond Production to Value Addition'** છે. આવતા **પાંચ વર્ષ**માં ભારતની સીફૂડની નિકાસ વધારીને **15 બિલિયન ડોલર** સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.

# વિશ્વ

## ➤ સુશ્રી એના કોરાકાકી ઓલિમ્પિક ટોર્ચ રીલે શરૂ કરનાર વિશ્વના પ્રથમ મહિલા બનશે

24 જુલાઈથી 9 ઓગસ્ટ 2020 દરમિયાન જાપાનના ટોક્યો ખાતે સમર ઓલિમ્પિક્સ 2020નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓલિમ્પિક માટે 12 માર્ચ, 2020ના રોજ યોજાનાર ઓલિમ્પિક ફ્લેમ લાઈટનિંગ સેરેમનીમાં ટોર્ચ બિઅરર તરીકે સુશ્રી એના કોરાકાકીની પસંદગી કરવામાં આવી છે. આથી, આ સેરેમની બાદ સુશ્રી એના કોરાકાકી ઓલિમ્પિક ટોર્ચ રીલે શરૂ કરનાર વિશ્વના પ્રથમ મહિલા બનશે. સુશ્રી એના કોરાકાકી ગ્રીસના પ્રસિદ્ધ મહિલા શૂટિંગ ખેલાડી છે.

## ICE ? Questions

- તાજેતરમાં ભારતની સૌથી મોટી કઈ ગન અથવા તોપનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – સારંગ
- ભારતની સૌથી મોટી ગન સારંગનું ક્યાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – જબલપુર, મધ્યપ્રદેશ
- ભારતના 100 સ્માર્ટ શહેરોમાંથી પસંદ થયેલા ટોપ-20 સ્માર્ટ શહેરોમાં ગુજરાતના કયા શહેરોનો સમાવેશ થયો છે ? – સુરત, અમદાવાદ અને વડોદરા
- ગુજરાતના સ્માર્ટ સિટી સુરતને 'સિસ્ટર સિટી' તરીકે કયા શહેરને વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી છે? – સહારનપુર (ઉત્તરપ્રદેશ)
- ગુજરાતના સ્માર્ટ સિટી અમદાવાદને 'સિસ્ટર સિટી' તરીકે કયા શહેરને વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી છે? – ચંદીગઢ
- ગુજરાતના સ્માર્ટ સિટી વડોદરાને 'સિસ્ટર સિટી' તરીકે કયા શહેરને વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી છે? – મુરાદાબાદ (ઉત્તરપ્રદેશ)
- ડફ એન્ડ ફેલ્પ્સ દ્વારા પ્રસિદ્ધ થયેલા સેલીબ્રિટી બ્રાન્ડ વેલ્યુએશન રિપોર્ટ 2019 અનુસાર ભારતના ટોપ 20 સેલીબ્રિટીમાં પ્રથમ ક્રમે કોણ છે ? – શ્રી વિરાટ કોહલી
- 5 ફેબ્રુઆરી, 2020ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતના કયા રાજ્યમાં એક નવા મુખ્ય બંદર (New Major Port)ની રચનાની મંજૂરી આપવામાં આવી છે ? – મહારાષ્ટ્ર
- મહારાષ્ટ્રમાં ક્યા નવા મુખ્ય બંદરની રચના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે ? – વધાવન
- 7થી 9 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં '22મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સીફૂડ શો 2020'નું આયોજન ક્યાં થયું હતું ? – કોચી, કેરળ
- ઓલિમ્પિક 2020 અથવા તો સમર ઓલિમ્પિક 2020 ક્યાં યોજાશે ? – ટોક્યો, જાપાન
- ઓલિમ્પિક 2020ની ટોર્ચ રીલે શરૂ કરવા માટે વિશ્વના કયા પ્રથમ મહિલાની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી એના કોરાકાકી (ગ્રીસ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. સેલિંગ વર્લ્ડ કપમાં મેડલ જીતનાર ભારતના પ્રથમ મહિલા કોણ છે ? – સુશ્રી નેત્રા કુમાનન
(ચેન્નાઈના સુશ્રી નેત્રા કુમાનને અમેરિકાના મિયામી ખાતે યોજાયેલ હેંપેલ વર્લ્ડ સીરિઝની લેઝર રેડિયલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને આ સિદ્ધિ મેળવી છે.)
2. તાજેતરમાં ભારતની કઈ કંપનીમાંથી 31 જાન્યુઆરી 2020ના રોજ એક સાથે 78 હજારથી વધુ કર્મચારીઓ સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના અથવા તો VRSનો લાભ લઈને નિવૃત્ત થઈ ગયા છે ? – BSNL
3. તાજેતરમાં ભારતના કયા રાજ્યની એક સ્કૂલમાં ભજવાયેલા CAA વિરોધી નાટક મામલે રાષ્ટ્રદ્રોહનો કેસ થયો હતો? – કર્ણાટક (કર્ણાટકના બીદર જિલ્લાની શાહીન સ્કૂલમાં)
4. તાજેતરમાં કયો દેશ યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળનાર પ્રથમ દેશ બન્યો છે ? – બ્રિટન
5. સો વર્ષથી વધુ જૂની ટેક્નોલોજી કંપની IBM અથવા તો International Business Machines Corporationના નવા CEO તરીકે ભારતીય મૂળના કયા વ્યક્તિની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અરવિંદ ક્રિષ્ના
6. ભારતમાં Railway Protection Force (RPF)નું નામ બદલીને શું કરવામાં આવ્યું છે ?
– Indian Railway Protection Force Service (IRPFS)
7. ભારતીય રેલવેમાં 'રેલવે સુરક્ષા દળ'ના જવાનને ફરજ દરમિયાન મૃત્યુના કિસ્સામાં અગાઉ રૂ. 5 લાખ સહાય આપવામાં આવતી હતી. આ સહાય વધારીને હવે કેટલી કરવામાં આવી છે ? – રૂ. 15 લાખ
8. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે બજેટના કવર પર મહાત્મા ગાંધીજીની હત્યાની તસવીર છાપતા વિવાદ સર્જાયો હતો ? – કેરળ
9. તાજેતરમાં ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કયા ગામને 'આયુષ ગામ' જાહેર કરીને 'સંપૂર્ણ આયુષ ગામ' તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે ? – શિયાળ
10. 2થી 6 માર્ચ, 2020 દરમિયાન કઈ જગ્યાએ યોજાનાર વિશ્વનો સૌથી મોટો જ્વેલરી શો કોરોના વાયરસને કારણે થોડા સમય માટે મુલતવી રાખવામાં આવ્યો છે ? – હોંગકોંગ
(હોંગકોંગ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા યોજાનાર આ ટ્રેડ શોને 'ધ ઈન્ટરનેશનલ ડાયમન્ડ જેમ અને પર્લ શો - 2020' નામ આપવામાં આવ્યું છે.)
11. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ માટે 15 સભ્યોના 'શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ'ની રચના બાદ અયોધ્યામાં મંદિર નિર્માણ માટે આ ટ્રસ્ટને સૌપ્રથમ દાન કોણે આપ્યું હતું ? – કેન્દ્ર સરકાર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ માટે રચાયેલા ટ્રસ્ટને કેન્દ્ર સરકારે સૌપ્રથમ કેટલા રૂપિયાનું દાન આપ્યું હતું ? – 1 રૂપિયાનું

(અયોધ્યામાં ભગવાન શ્રી રામ મંદિર નિર્માણ માટે કેન્દ્ર સરકારે પ્રતિકાત્મક રીતે આ 1 રૂપિયાનું દાન આપ્યું હતું.)

13. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર ચીન 14 ફેબ્રુઆરી, 2020થી અમેરિકાની કેટલા અબજ ડોલરની વસ્તુઓ પરની આયાત ડ્યુટી ઘટાડશે ? – 75 અબજ ડોલર

14. હોલિવુડના પ્રસિદ્ધ અભિનેતા શ્રી કર્ક ડગ્લાસનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયા દેશમાં થયો હતો ? – અમેરિકા

15. ફેબ્રુઆરી, 2020 દરમિયાન મળેલી RBIની મોનિટરી પોલિસીની બેઠકમાં ભારતમાં રેપો રેટનો દર કેટલા ટકા યથાવત્ જાળવી રાખવામાં આવ્યો છે ? – 5.15 ટકા

16. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશે ભારતીય નાગરિકો માટે ફ્રી પ્રવેશની સુવિધા બંધ કરવાનો નિર્ણય કર્યો છે ? – ભૂતાન

(ભૂતાન સરકારે જુલાઈ 2020થી ભારત ઉપરાંત બાંગ્લાદેશ અને માલદીવના નાગરિકોની પોતાના દેશમાં નિઃશુલ્ક પ્રવેશ કરવાની સુવિધા બંધ કરવાનો નિર્ણય કર્યો છે. હવે આ ત્રણ દેશોના પ્રવાસીઓએ ભૂતાન જવા પર દૈનિક રૂ. 1200 ફી ચૂકવવી પડશે.)

17. ભારતની લોકસભામાં રજૂ થયેલા એરક્રાફ્ટ સંશોધન બિલમાં ફ્લાઈટમાં હંગામો કરવા બદલ કેટલા રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે ? – રૂ. 1 કરોડ

(આ બિલ સંસદમાં પસાર થયા બાદ રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યેથી જો કોઈ વ્યક્તિ વિમાનમાં બોમ્બની અફવા ફેલાવશે, એરહોસ્ટેસ સાથે ગેરવર્તણૂક કરશે કે પ્લેન હાઈજેક કરવાની કોશિશ કરશે તો તેને રૂપિયા 1 કરોડ સુધીનો દંડ થઈ શકશે.)

18. 7થી 12 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં Auto Expo - The Motor Show 2020નું આયોજન ક્યાં થયું હતું? – ગ્રેટર નોઈડા (ઉત્તરપ્રદેશ)

(ઈન્ડિયા એક્સ્પો માર્ટ, ગ્રેટર નોઈડા ખાતે યોજાયેલા આ AUTO EXPO 2020ની થીમ 'Explore A New World of Mobility' હતી.)

19. ભારતમાં તીડ નિયંત્રણ માટે કયું સંગઠન કાર્યરત છે ? – Locust Warning Organization - LWO (તીડ ચેતવણી સંસ્થા)

(ભારતમાં 1939માં અંગ્રેજોએ આ સંસ્થાની સ્થાપના કરી હતી. એ સમયે તેનું હેડક્વાર્ટર કરાચી ખાતે હતું. ભારતમાં હાલ LWOનું હેડક્વાર્ટર હરિયાણાના ફરિદાબાદ ખાતે આવેલું છે. આ ઉપરાંત ગુજરાતના ભૂજ અને પાલનપુર ઉપરાંત રાજસ્થાનના 10 શહેરો સહિત ગુજરાત અને રાજસ્થાનના કુલ 12 શહેરોમાં તેની ફીલ્ડ ઓફિસો આવેલી છે. જેમાંથી રાજસ્થાનના જોધપુરને આ સંસ્થાનું ફીલ્ડ હેડક્વાર્ટર માનવામાં આવે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. ગુજરાતના ગામોમાં તબીબી અને આરોગ્ય સેવા વધારવા માટે પીજી મેડિકલ પ્રવેશમાં બોન્ડની રકમ રૂ. 10 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે ? – રૂ. 40 લાખ
(આ ઉપરાંત અભ્યાસ બાદની ગ્રામીણ સેવાની મુદત 3 વર્ષથી ઘટાડીને હવે એક વર્ષની કરી દીધી છે. આથી, અભ્યાસ પૂર્ણ થયા બાદ કોઈ ડોક્ટરે કાં તો 1 વર્ષ ગ્રામીણ વિસ્તારોમાં પ્રેક્ટીશ કરવી પડશે અથવા તો રૂ. 40 લાખ ચૂકવવા પડશે. આ અગાઉ તેઓ રૂ. 10 લાખ ચૂકવીને ત્રણ વર્ષની ગ્રામીણ સેવામાંથી મુક્ત થઈ જતા હતા.)

21. ભારતમાં પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજીમાં થતા કોરોના વાયરસના ટેસ્ટની સુવિધા ગુજરાતમાં ક્યાં શરૂ કરવાની સરકારની યોજના છે ? – બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ

22. ભારતમાં રણજી ટ્રોફીમાં 12000 રન કરનાર પ્રથમ બેટ્સમેન કોણ છે ? – શ્રી વસીમ જાફર

23. ભારતના કયા રાજ્યમાં કોરોના વાયરસને 'રાજ્ય આપત્તિ' જાહેર કરવામાં આવી છે ? – કેરળ
(કેરળમાં કોરોના વાયરસના ત્રણ કેસ નોંધાતા આ જાહેરાત કરવામાં આવી છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ કેરળમાં જ નોંધાયો હતો.)

24. ભારતમાં 20 ઓક્ટોબરથી 4 નવેમ્બર, 2020 દરમિયાન 36મી નેશનલ ગેમ્સ ઓફ ઈન્ડિયા ક્યાં યોજાશે ? – ગોવા

25. ભારતમાં ગોવા ખાતે યોજાનાર 36મી નેશનલ ગેમ્સ ઓફ ઈન્ડિયા માટે તાજેતરમાં કયો શુભંકર લોન્ચ કરવામાં આવ્યો છે ? – રૂબિગુલા

26. ભારતીય પેરાલિમ્પિક કમિટીના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી દીપા મલિક
(સુશ્રી દીપા મલિક પેરાલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતનાર ભારતના પ્રથમ મહિલા છે.)

27. ભારત અને કયા દેશ વચ્ચે આંતરરાષ્ટ્રીય હવાઈયાત્રા શરૂ કરવા માટે કેન્દ્રીય મંત્રી મંડળે એર ઈન્ડિયાની પેટા કંપની Alliance Airના વિભાજનની મંજૂરી આપી છે ? – શ્રીલંકા

28. ભારતમાં ઈનોવેશન તથા રિસર્ચ & ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે COAL INDIAની કઈ સહાયક કંપનીએ 'SARAS' એટલે કે 'Science and Applied Research Alliance and Support' નામના સેન્ટરની સ્થાપના કરી છે ? – NCL અથવા તો Northern Coalfiels Limited

29. 6 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'મોકળા મને' કાર્યક્રમની સાતમી કડીમાં કોની સાથે સંવાદ કર્યો હતો ? – ગૌસેવકો તથા પાંજરાપોળ સંચાલકો

30. 6 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતમાં કઈ ડેરીના સુવર્ણ જયંતી સમારોહનો શુભારંભ કરાવ્યો હતો ? – મધુર ડેરી, ગાંધીનગર

31. યુનાઈટેડ નેશન્સની ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં સંબોધન કરનારી ભારતના મણિપુરની કઈ 8 વર્ષીય પર્યાવરણ એક્ટિવિસ્ટે તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની મુલાકાત લીધી હતી ? – સુશ્રી લિસી પ્રિયા કન્ગુઝમ

32. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા જિલ્લાની 4 મોટી નદીઓ અને તેની પ્રશાખાઓ પર 24 જેટલા મોટા હાઈડ્રોલિક સ્ટોરેજ સ્ટ્રક્ચર ચેકડેમ બનાવવા માટે રૂ. 26 કરોડના કામોને મંજૂરી આપી છે ? – ડાંગ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

33. ગુજરાતને ફાટકમુક્ત બનાવવા માટે ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત ગુજરાતના 20 નગરપાલિકા વિસ્તારોમાં રેલવે ક્રોસિંગ ઉપર 16 ઓવરબ્રિજ તેમજ 10 અંડરબ્રિજ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે ?
– સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

34. તાજેતરમાં ગુજરાતમાં કયા સમયગાળા માટે રાજ્ય વ્યાપી 'પોષણ અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ?
– 2020-22

35. જમ્મુ કાશ્મીરના 'જાહેર આરોગ્ય, એન્જિનિયરિંગ, સિંચાઈ અને પૂર નિયંત્રણ વિભાગ'નું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ? – જળ શક્તિ વિભાગ

36. ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારતના કયા રાજ્યમાં પ્રથમ વખત બે દિવસીય હોર્નબિલ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે ? – ત્રિપુરા
(ભારતમાં દર વર્ષે ડિસેમ્બર મહિનામાં નાગાલેન્ડમાં આ ઉત્સવ યોજાય છે. ભારતીય હોર્નબિલ નામના પક્ષીના નામ પરથી આ ઉત્સવનું નામ રાખવામાં આવ્યું છે. નાગાલેન્ડ બાદ હવે ત્રિપુરામાં પણ પ્રથમ વખત આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.)

37. ભારતમાં Unmanned Aerial Vehicle - UAV (માનવરહિત હવાઈ વાહન) બનાવવા માટે ભારતની કઈ કંપનીએ ઈઝરાયેલની એલ્બિત સિસ્ટમ્સ નામની કંપની સાથે કરાર કર્યા છે ? – હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)
(લખનૌ ખાતે યોજાયેલા DEFEXPO 2020માં આ કરાર થયા છે.)

38. અંતરિક્ષમાં સૌથી વધુ સમય સુધી રોકાણ કરનાર મહિલા કોણ બન્યું છે ? – સુશ્રી ક્રિસ્ટિના કોચ (અમેરિકા)

39. 5 ફેબ્રુઆરી, 2020ના રોજ યુનેસ્કો દ્વારા ભારતના કયા શહેરને World Heritage સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે ? – જયપુર

40. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાની સંસદના ઉપલા ગૃહમાં દોષ મુક્ત જાહેર કરવામાં આવ્યા છે...અમેરિકાની સંસદના આ ઉપલા ગૃહનું નામ શું છે ? – સેનેટ

41. અમેરિકાની સંસદમાં મહાભિયોગનો સામનો કરનાર તથા તેમાંથી દોષ મુક્ત જાહેર થનાર શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના કેટલામા રાષ્ટ્રપતિ બન્યા છે ? – ત્રીજા
(આ અગાઉ 1998-99માં શ્રી બિલ ક્લિન્ટન અને 1868માં શ્રી એન્ડ્રૂ જોન્સન વિરુદ્ધ મહાભિયોગની (Impeachment)ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે આ પ્રસ્તાવ પસાર થઈ શક્યો ન હતો.)

42. સરકારી સેવાઓની હોમ ડિલેવરી માટે ભારતના કયા રાજ્યમાં 'જનસેવક' યોજના લોન્ચ કરવામાં આવી છે ?
– કર્ણાટક
(આ યોજના અંતર્ગત રેશન કાર્ડ, આરોગ્ય કાર્ડ વગેરે ઘર બેઠા પહોંચાડવામાં આવશે.)

43. APEDA અથવા તો Agriculture and Processed Food Products Export Development Authority દ્વારા ફેબ્રુઆરી 2020 દરમિયાન ભારતના કયા વિસ્તારમાં પ્રથમ વખત જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું ? – આંદમાન નિકોબાર ટાપુઓમાં

44. ભારતમાં ગાર્ડન ફેસ્ટિવલ 2020 અંતર્ગત 5 ફેબ્રુઆરીથી 8 માર્ચ, 2020 દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ ભવનનો કયો ગાર્ડન સામાન્ય નાગરિકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે ? – મુગલ ગાર્ડન

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

45. 6-7 ફેબ્રુઆરી, 2020 દરમિયાન સમુદ્રી સહયોગ માટે ચોથા પૂર્વ એશિયા શિખર સંમેલનનું આયોજન ક્યાં થયું હતું ? – ચેન્નાઈ

46. બેન્કર મેગેઝિન દ્વારા 'સેન્ટ્રલ બેન્કર ઓફ ધ યર (એશિયા પેસિફિક 2020)' તરીકે કયા ભારતીયની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી શક્તિકાંત દાસ (RBI ગવર્નર)

47. IRCTC દ્વારા ભારતના કયા બે શહેરો વચ્ચે ભારતની ત્રીજી ખાનગી ટ્રેન શરૂ કરવામાં આવશે ? – વારાણસી અને ઈન્દોર

(આ અગાઉ ભારતમાં દિલ્હી-લખનૌ અને અમદાવાદ-મુંબઈ વચ્ચે IRCTC દ્વારા ખાનગી ટ્રેન 'તેજસ એક્સપ્રેસ' શરૂ કરવામાં આવી છે.)

48. ઈરાકના નવા વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી મોહમ્મદ તૌફિક અલ્લાવી

49. ભારત અને કયા દેશ વચ્ચે અડ્ડુ દ્વિપકલ્પના 5 ટાપુઓ પર 'અડ્ડુ ટુરિઝમ ઝોન' વિકસાવવા માટે કરાર થયા છે ? – માલદીવ

50. તાજેતરમાં કયો દેશ કોમનવેલ્થમાં ફરીથી જોડાઈને કોમનવેલ્થ દેશોનો 54મો સભ્ય બન્યો છે ? – માલદીવ

51. કોલ ઈન્ડિયા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પ્રમોદ અગ્રવાલ

52. Central Board of Indirect Taxes and Customs (CBIC)ના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એમ. અજીત કુમાર

53. ભારતમાં ફેક ન્યુઝ અંગે જાગૃતિ ફેલાવવા માટે ગૂગલે કેટલા ડોલરની ગ્રાન્ટની જાહેરાત કરી છે ? – 1 મિલિયન ડોલર

54. ફેબ્રુઆરી, 2020 દરમિયાન કયા દેશમાં 80 ટ્રિલિયન ક્યુબિક ફૂટના નવા કુદરતી ગેસના ભંડારની શોધ કરવામાં આવી છે ? – સાઉદી અરેબિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

## રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

## જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

## અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot